RCS No. 34-2024

| | | | | |
|---|---|---|---|---|
| GJAR040005522024 | દાખલ થયા તારીખ | ૨૩ / ૧૨ / ૨૦૨૨ | | |
| | રજુ તારીખ | ૨૩ / ૧૨ / ૨૦૨૨ | | |
| | ફેસલ તારીખ | ૨૩ / ૦૭ / ૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | મહીનો | દિવસ |
| | | ૦૩ | ૦૭ | ૦૦ |

**<u>મે. મેઘરજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, જિ. અરવલ્લી</u>**

રે.મુ.નં. ૩૪/૨૦૨૪
જુનો રે.મુ.નં. ૮૮/૨૦૨૨
આંક:

**<u>વાદી:</u>**

(૧) ડામોર કાળુજી હાથીજી
(૨) ડામોર અમ્રુતભાઇ કાળુભાઇ
(૩) ડામોર કનુભાઇ શનાભાઇ
(૪) ડામોર રમેશભાઇ શનાભાઇ
(૫) ડામોર બાબુભાઇ સુખાભાઇ
(૬) ડામોર રેવીબેન ભલાભાઇ
(૭) ડામોર અમ્રુતજી સુખાજી

તમામ રહે. મુડશી તા. મેઘરજ જી. અરવલ્લી

**વિરૂધ્ધ**

**<u>પ્રતિવાદી:</u>**

(૧) ગુજરાત રાજ્ય જેનો સમન્સ કલેક્ટરશ્રી અરવલ્લીને બજે
ઠે. કલેક્ટરશ્રી ની કચેરી મોડાસા

(૨) પરિક્ષેત્ર વન અધિકારી ક્ષેત્રીય રેન્જ અધિકારીશ્રી
મુ.પો. તા. મેઘરજ જી. અરવલ્લી

(૩) મુડશી ગ્રુપ ગ્રામ પંચાયત
જેનો સમન્સ સરપંચશ્રી –મંત્રીશ્રીને બજે
ઠે. મુડશી પો. રામગઢી તા. મેઘરજ જી. અરવલ્લી

**દાવો: રૂ. ૩૦૦/– ના આંકથી ડેકલરેશન એન્ડ પરમાનેન્ટ ઈન્જેક્શન માટેનો:–**

..........................................................................

**વાદી ઓ તરફે વકીલશ્રી:** જી.એમ.પટેલ
**પ્રતિવાદી ઓ તરફે વકીલશ્રી:** જીલ્લા સરકારી વકીલશ્રી મોડાસા

..........................................................................

**<u>::જજમેન્ટ::</u>**

**(૧)** વાદી તરફે દાવાની હકીકત એવી છે કે, મોજે મુડશી તા. મેઘરજની સીમના જુના સ.નં. ૧૨૮/૪ નવો સ.નં. ૨૯૧ ની હે.૩૪ આરે.૩૦ ચો.મી ૮૬ જમીન પૈકી હે. ૦૮ આરે ૨૦ ચોમી ૨૦ ક્ષેત્રફળવાળા જમીન ના હદ ખુટ પુર્વે:– ઉદાભાઇ હાથીભાઇ ની ખેતીની જમીન આવેલ છે, પશ્રિમે :– ભુજરી ગામનો સીમાડો આવેલ છે, ઉત્તરે :– સ.નં. ૨૯૧ પૈકી ની જમીન આવેલ છે, દક્ષિણે:– સ.નં. ૨૯૧ પૈકીની જમીન આવેલી છે. સદર જમીન દાવાવાળી જમીન દાવામાં દર્શાવેલ છે. વાદીઓ ખેડુતો છે અને ખેતી કરી ગુજરાન ચલાવે છે વાદીઓના વડવાઓના વડવાઓ ખેતી કરી ગુજરાન ચલાવતા અને વાદીઓ તથા તેમના વડવાઓ ૭૦૦ વર્ષ અગાઉથી મુડશી ગામે રહેતા આવેલા અને ખેતીનો ધંધો કરી ગુજરાન ચલાવતા આવેલા છે. વાદીઓના ગામમાં ગૌતમ મુખીના પિતા મુખી હતા ત્યારથી સવાલવાળી જમીન વાદીઓ અને તેમના પ્રેડીસેસર સ્થળ ઉપર ખેડતા આવેલા એટલે કે અંદાજે સો વર્ષ ઉપરથી ખેડતા આવેલા છે અને ઉપજ લેતા આવેલા છે. દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓની જાણમાં સતત કોઇના કોઇપણ જાતની અડચણ કે રૂકાવટ વગર સતત ખેતી કરતા આવેલા છે અને ખેડતા આવેલા

છીએ અને આજે પણ સ્થળે કબજો વાદીઓનો છે. વાદીઓના પુર્વજ અભણ હતા અને કાયદાની જાણકારી ન હોવાથી રેવન્યુ રેકર્ડ સ્ટેટ મર્જ થયા બાદ લખાયુ તેમાં વાદીઓના વડવાના નામ રેવન્યુ રેકર્ડમાં ચઢેલા નહી અને કબજો વાદીઓનો હતો આઝાદી પછી દાવાવાળી જમીન પંચાયત અસ્તીત્વમાં આવતા ખોટી રીતે ગૌચર હેડે ચઢેલી જેથી કલેક્ટરશ્રી સાબરકાંઠાને રજુઆત કરેલી કે જમીનમાં અમારો કબજો છે અને ગૌચરની જમીન નથી તો કલેક્ટરશ્રીએ સને ૧૯૬૪ માં દાવાવાળી જમીન અને અન્ય સ.નં. ૧૨૮ પૈકી ૧૨૯ એકર જમીન ગૈચરમાંથી કમી કરેલ અને સરકારી પડતર હેડે દાખલ કરેલ આમ, વાદીની રજુઆતના કારણે કલેક્ટરશ્રીએ નિર્ણય કરી ગૌચરમાંથી આ જમીન પાછી લીધેલ. કલેક્ટરશ્રીને જમીન વાદીઓના નામે કરવા રજુઆત કરેલ પરંતુ સને ૧૯૬૭ માં દુષ્કાળ પડેલ અને કેરસીટી ના કામો સરકારે મંજુર કરેલા અને ખાવાનુ અનાજ ન હતુ તેવા સંજોગોમાં ફાઇલ બંધ થયેલી વાદીઓ અભણ હોવાથી આગળની કાર્યવાહી કરી શકેલા નહી હકીકતમાં મુળ જમીન માલીક વાદીઓ છે અને સ્ટેટમાં મર્જ થયા પછી ખોટી રીતે વાદીઓના નામે ચઢેલ નથી દાવાવાળી જમીનનો કબજો ૧૦૦ વર્ષ કરતા વધુ વર્ષોથી આવેલો છે. દાવાવાળી જમીનમાં ચાલુ સાલે ચોમાસામાં વાદીઓએ જુવારના ઘાસનુ વાવેતર કરેલ છે આમ, ૧૦૦ વર્ષ કરતા વધુ વર્ષોથી પ્રતિવાદીઓની જાણમાં સ્થળે કબજો વાદીઓનો છે વાદીઓ પાસેથી જમીન નો કબજો લેવા માટે પ્રતિવાદીઓએ કોર્ટમાં કોઇ દાવો કરેલો નથી જેથી કબજો પરત લેવાના હક્ક નો અંત આવેલ છે અને લાંબા સમયથી કબજો માલીકી હક્કમાં પરીવર્તીત થયેલ છે. થોડાસ દિવસ અગાઉ પ્રતિવાદી નં. ૨ તથા તેમના કર્મચારીઓ સ્થળ ઉપર આવી વાદીઓએ કરેલ ઇટ માણીના ચળતરવાળી ઓરડી તોડી નાખી પચાસ હજારનુ નુકશાન કરેલ છે. દાવાવાળી જમીનમાં અંદાજે ૧૦૦ મહુડાના ઝાડ આવેલ છે તે મહુડા ઝાડ ઉપરથી મહુડાના ફળો બાપદાદાના વખતથી વાણીને ગુજરાન ચલાવીએ છીએ. દાવાવાળી જમીનના વાદીઓ માલીક અને કબજેદાર છે પરંતુ રેવન્યુ રેકર્ડમાં નામ ખોટી રીતે ચઢાવવામાં આવેલ નથી વાદીઓનો દાવાવાળી જમીનમાં એસ્ટાબ્લીશ કબજો છે એડવર્સ પજેશનની

રૂએ દાવાવાળી જમીનના વાદીઓ માલીક છે અને વિધાઉટ ડ્યુ પ્રોસેસ ઓફ લો દાવાવાળી જમીનમાંથી વાદીઓને ડિસપજેશ કરવાનો પ્રતિવાદીઓને કોઇ હક્ક કે અધિકાર નથી.વાદીઓએ સી.પી.સી. કલમ–૮૦ હેઠળની નોટીસ પ્રતિવાદી નં. ૧ અને ૨ ને આપેલ છે તથા પ્રતિવાદી નં. ૩ ને ગ્રામપંચાયત એક્ટની કલમ– ૨૭૦ ની નોટીસ આપેલ છે જે નોટીસ બજી ગયા છતા કોઇ જવાબ આપેલ નથી. પ્રતિવાદીઓએ ઓરડી તોડી પાડી અને ધાક ધમકી આપી ત્યારથી દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. વાદીએ તેઓના દાવામાં દાદ માંગેલ છે કે, (૧) દાવા અરજીના પેરા–૧ માં વર્ણવેલ હદખુટ વચ્ચેની દાવાવાળી જમીન સો કરતા વધુ વર્ષોથી વાદીઓના સંયુક્ત કબજે હોય એડવર્સ પજેશનની રૂએ વાદીઓ દાવાવાળી જમીનના માલીક કબજેદાર છે તેવુ ઠેરવી પ્રતિવાદીઓને દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસેથી પ્રતિવાદીઓને લેવાનો કોઇ હક્ક કે અધિકાર નથી તેવુ ઠેરવી પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસેથી લે લેવડાવે નહી તેવો કાયમી મનાઇ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવશોજી. વિકલ્પે વાદીઓનો દાવાવાળી જમીનનો કબજો એસ્ટાબ્લીશ હોય વિધાઉટ ડ્યુ પ્રોસેસ ઓફ લો દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસેથી લેવાનો પ્રતિવાદીઓને કોઇ હક્ક કે અધિકાર નથી તે મુજબની દાદ માંગેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીઓને દાવાના પ્રોસેસ બજતા પ્રતિવાદી મદદ. જીલ્લા સરકારી વકીલશ્રી મોડાસા આંક– ૧૨ થી એપીરીયન્સ પુરસીસ આપેલ છે. આંક–૧૬ થી લેખીત જવાબ રજુ રાખેલ છે અને તેઓએ મુખ્યત્વે દાવા હકીકતનો ઇન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, અને ખરી હકીકતે જણાવેલ છે કે, દાવાવાળી જમીન ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૨૦ મુજબ ગુજરાત સરકાર મુંબઇ રાજ્યપત્ર ભાગ–૧ ના પાના ૧ થી ૯૩ સુધીના પાના ઉપર પ્રસિધ્ધ કરેલ તા. ૩૦ ડિસેમ્બર ૧૯૫૮ થી સરકારી અધિ સુચના એફએલડી ૨૫૫૮ ૧૦૯૯૫૨–ઇ ના અનુસંધાનમાં આ સાથે જોડેલી અધિસુચના કાઢ્યાની તારીખથી રક્ષિત જંગલ તરીકે જાહેર કરેલ છે સરકારના નિતિનિયમો મુજબ સર્વે કરી નકશો બનાવી હદ નક્કી કરી ખાતા

દ્વારા હદબાણ બનાવેલ છે તેમજ તે વિસ્તારની ચર્તુસીમા પણ દર્શાવેલ છે જે ખાતા ના ગેજેટમાં પણ નિર્દેશ કરેલ છે આથી વાદી દ્વારા આપવામાં આવેલ માહીતી ખોટી છે. ૨૦૧૯ના વર્ષમાં આ જંગલની જમીન પચાવી પાડવાના આશયથી અપ્રવેશ કરેલ હતો જે વન વિભાગના સ્ટાફ દ્વારા જમીન નુકશાન કરેલ બાબતનો ગુન્હો દાખલ કરેલ છે. કલમ ૨૦ હેઠળ આરક્ષિત જાહેર કરેલ વન વિસ્તારનું જાહેરનામુ પ્રસિધ્ધ થયાના ૩ મહીનાની અંદર કલમ–૬ હેઠળ દાવેદારોએ અપીલ કરવાની હોય છે જે સમય દરમ્યાન વાદી દ્વારા આ જમીન બાબતે કોઇ અપીલ કે અરજી કરેલ નથી. વાદી દ્વારા જંગલ વિસ્તારમાં સને ૨૦૧૯–૨૦ માં ગેરકાયદેસર છાપરૂ બાંધેલ હતુ જે હટાવી લેવા માટે સ્ટાફ દ્વારા મૌખીક સુચના આપવા છતા તેઓ દ્વારા હટાવેલ હતુ નહી તેમજ તેઓ દ્વારા વારંવાર ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકીઓ આપતા હોય તેમજ જંગલમાં નુકશાન કરતા જણાઇ આવતા તેઓની સામે ખાતારાહે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધી નિતિનિયમ મુજબ છપરાનો તમામ પેરામાલ કબજે લીધેલ છે. વાદીની દાવા તથા મનાઇ અરજી પ્રિન્સીપાલ ઓફ ઇક્વીટીના સિંધાત વિરૂધ્ધના છે વાદી ચોખ્ખા હાથે આવેલ નથી તેમજ વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે જેથી દાવો ખર્ચ સહ રદ કરવા રજુઆત કરેલ છે.

**(૩)** સદર કામે વાદીઓ તથા પ્રતિવાદી તરફે રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**વાદી તરફે મૌખિક પુરાવા :–**

( ૧ ) આંક– ૩૩ થી વાદી નં.૨ અરમતભાઇ કાળુભાઇ ડામોર નુ પુરાવાનુ સોગંદનામુ

**વાદી તરફે દસ્તાવેજી પુરાવા :–**

(૧) આંક– ૩૮ થી ખાતા નં. ૩૫૭ ના ૮–અ ના ઉતારાની નકલ
(૨) આંક–૩૯ થી સર્વે નંબર ૨૯૧ ના ૭ ના ઉતારાની નકલ
(૩) આંક–૪૦ થી સર્વે નંબર ૨૯૧ ના ૧૨ ના ઉતારાની નકલ
(૪) આંક–૪૧ થી સ્ટેટયુટરી નોટીસ

(૫) આંક– ૭૨ થી સ્ટેટયુટરી નોટીસ

(૬) આંક– ૭૩ થી પોષ્ટની સફેદ પાવતી

(૭) આંક– ૭૪ થી ૭૬ સુધી પોષ્ટનો ટ્રકીંગ રીપોર્ટ

**પ્રતિવાદી તર્ફે મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.**

**(૪)** સદર કામે આંક– ૧૮ થી મુદ્દા કાઢવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

**:: મુદ્દા ::**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનમાં ૧૦૦ વર્ષ ઉપરાંતથી કબજો ભોગવટો ધરાવતા હોય અને એડવર્સ પઝેશનથી માલીક કબજેદાર છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે,વાદીઓ દાવામાં માગ્યા મુજબનો કાયમી મનાઇ હુકમ મેળવવા હક્કદાર છે?

(૩) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૪) શું હુકમ અને હુકમનામુ?

**મુદ્દાના નિર્ણય:–**

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ,

**(૫)** આ કામે વાદી ઓ તર્ફે વિગતવારની મૌખીક દલીલો કરવામાં આવેલ છે તથા પ્રતિવાદી તર્ફે મૌખીક દલીલો કરવામાં આવેલ છે જે ધ્યાને લીધેલ છે.

**(૬)** ઉપરોક્ત નિર્ણયો ના કારણો નીચે મુજબ છે.

**–:કારણો:–**

(૭) આ કામે **મુદ્દા નં. ૧ થી ૩** ની હકીકતો એક બીજા સાથે સંલગ્ન હોઇ મુદ્દાઓના કારણોની ચર્ચા દરમ્યાન હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના શુભ આશયથી એક સાથે ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

વાદીએ હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ છે ત્યારે પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે " કોઇ પણ વ્યક્તિ ઇચ્છતી હોય કે પોતે પ્રતિપાદીત કરે છે તે હકીકતો ના અસ્તિવના આધાર ઉપરથી કોઇ અદાલત કાનૂની અધિકાર અંગે ચુકાદો આપે તો તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવુ પડશે "અને" જ્યારે કોઇ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેનાર કે તે વ્યક્તિ પર સાબિતીનો બોજો છે." પુરાવાના આ સિંધ્ધાંત મુજબ જ્યારે વાદી દાવો લઇને આવેલ છે ત્યારે દાવામાં જણાવેલ તમામ હકીકતો શ્રેષ્ઠત્તમ પુરાવા વડે સાબિત કરવાનો બોજો વાદીના શીરે રહે છે અને તે જોતાં વાદી જો પોતાનો કેસ શ્રેષ્ઠ અને યોગ્ય પુરાવા વડે સાબિત કરી શકે તો જ માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે.

(૭.૧) આ કામે વાદી નં. ૨ ડામોર અમરતભાઇ કાળુભાઇના ઓએ આંક–૩૩ થી પોતાની સોગંદ પરની જુબાની રજુ કરેલ છે. જે સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો વાદીના દાવામાં કરાયેલ પક્ષ નિવેદનને અનુરૂપ સુસંગત જુબાની રજુ કરેલ છે. તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, મોજે મુડશી તા. મેઘરજની સીમના જુના સ.નં. ૧૨૮/૪ નવો સ.નં. ૨૯૧ ની હે.૩૪ આરે.૩૦ ચો.મી ૮૬ જમીન પૈકી હે. ૦૮ આરે ૨૦ ચોમી ૨૦ ક્ષેત્રફળવાળા જમીન ના હદ ખુટ પુર્વે:– ઉદાભાઇ હાથીભાઇ ની ખેતીની જમીન આવેલ છે, પશ્રિમે :– ભુજરી ગામનો સીમાડો આવેલ છે, ઉત્તરે :– સ.નં. ૨૯૧ પૈકી ની જમીન આવેલ છે, દક્ષિણે:– સ.નં. ૨૯૧ પૈકીની જમીન આવેલી છે. સદર જમીન દાવાવાળી જમીન દાવામાં દર્શાવેલ છે. વાદીઓ ખેડુતો છે અને ખેતી કરી ગુજરાન ચલાવે છે વાદીઓના વડવાઓના વડવાઓ ખેતી કરી ગુજરાન ચલાવતા અને વાદીઓ તથા તેમના વડવાઓ ૭૦૦ વર્ષ અગાઉથી મુડશી ગામે રહેતા આવેલા અને ખેતીનો ધંધો કરી

ગુજરાન ચલાવતા આવેલા છે. વાદીઓના ગામમાં ગૌતમ મુખીના પિતા મુખી હતા ત્યારથી સવાલવાળી જમીન વાદીઓ અને તેમના પ્રેડીસેસર સ્થળ ઉપર ખેડતા આવેલા એટલે કે અંદાજે સો વર્ષ ઉપરથી ખેડતા આવેલા છે અને ઉપજ લેતા આવેલા છે. દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓની જાણમાં સતત કોઇના કોઇપણ જાતની અડચણ કે રૂકાવટ વગર સતત ખેતી કરતા આવેલા છે અને ખેડતા આવેલા છીએ અને આજે પણ સ્થળે કબજો વાદીઓનો છે. વાદીઓના પુર્વજ અભણ હતા અને કાયદાની જાણકારી ન હોવાથી રેવન્યુ રેકર્ડ સ્ટેટ મર્જ થયા બાદ લખાયુ તેમાં વાદીઓના વડવાના નામ રેવન્યુ રેકર્ડમાં ચઢેલા નહી અને કબજો વાદીઓનો હતો આઝાદી પછી દાવાવાળી જમીન પંચાયત અસ્તીત્વમાં આવતા ખોટી રીતે ગૌચર હેડે ચઢેલી જેથી કલેક્ટરશ્રી સાબરકાંઠાને રજુઆત કરેલી કે જમીનમાં અમારો કબજો છે અને ગૌચરની જમીન નથી તો કલેક્ટરશ્રીએ સને ૧૯૬૪ માં દાવાવાળી જમીન અને અન્ય સ.નં. ૧૨૮ પૈકી ૧૨૯ એકર જમીન ગૈચરમાંથી કમી કરેલ અને સરકારી પડતર હેડે દાખલ કરેલ આમ, વાદીની રજુઆતના કારણે કલેક્ટરશ્રીએ નિર્ણય કરી ગૌચરમાંથી આ જમીન પાછી લીધેલ. કલેક્ટરશ્રીને જમીન વાદીઓના નામે કરવા રજુઆત કરેલ પરંતુ સને ૧૯૬૭ માં દુષ્કાળ પડેલ અને કેરસીટી ના કામો સરકારે મંજુર કરેલા અને ખાવાનુ અનાજ ન હતુ તેવા સંજોગોમાં ફાઇલ બંધ થયેલી વાદીઓ અભણ હોવાથી આગળની કાર્યવાહી કરી શકેલા નહી હકીકતમાં મુળ જમીન માલીક વાદીઓ છે અને સ્ટેટમાં મર્જ થયા પછી ખોટી રીતે વાદીઓના નામે ચઢેલ નથી દાવાવાળી જમીનનો કબજો ૧૦૦ વર્ષ કરતા વધુ વર્ષોથી આવેલો છે. દાવાવાળી જમીનમાં ચાલુ સાલે ચોમાસામાં વાદીઓએ જુવારના ઘાસનુ વાવેતર કરેલ છે આમ, ૧૦૦ વર્ષ કરતા વધુ વર્ષોથી પ્રતિવાદીઓની જાણમાં સ્થળે કબજો વાદીઓનો છે વાદીઓ પાસેથી જમીન નો કબજો લેવા માટે પ્રતિવાદીઓએ કોર્ટમાં કોઇ દાવો કરેલો નથી જેથી કબજો પરત લેવાના હક્ક નો અંત આવેલ છે અને લાંબા સમયથી કબજો માલીકી હક્કમાં પરીવર્તીત થયેલ છે. થોડાસ દિવસ અગાઉ પ્રતિવાદી નં. ૨ તથા તેમના કર્મચારીઓ સ્થળ ઉપર આવી વાદીઓએ કરેલ ઇટ માણીના ચળતરવાળી ઓરડી તોડી નાખી પચાસ

હજારનુ નુક્શાન કરેલ છે. દાવાવાળી જમીનમાં અંદાજે ૧૦૦ મહુડાના ઝાડ આવેલ છે તે મહુડા ઝાડ ઉપરથી મહુડાના ફળો બાપદાદાના વખતથી વાણીને ગુજરાન ચલાવીએ છીએ. દાવાવાળી જમીનના વાદીઓ માલીક અને કબજેદાર છે પરંતુ રેવન્યુ રેકર્ડમાં નામ ખોટી રીતે ચઢાવવામાં આવેલ નથી વાદીઓનો દાવાવાળી જમીનમાં એસ્ટાબ્લીશ કબજો છે એડવર્સ પજેશનની રૂએ દાવાવાળી જમીનના વાદીઓ માલીક છે અને વિધાઉટ ડ્યુ પ્રોસેસ ઓફ લો દાવાવાળી જમીનમાંથી વાદીઓને ડિસપજેશ કરવાનો પ્રતિવાદીઓને કોઇ હક્ક કે અધિકાર નથી.

પ્રતિવાદી તર્ફે વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં વાદીએ સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે,**દાવાવાળી જમીન અમે ૧૦૦ વર્ષથી ખેડીએ છીએ તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી.** એ વાતની મને ખબર નથી કે, સને ૧૯૬૪માં કલેક્ટરશ્રીના હુકમથી ગૌચરમાંથી પરત લઈ સરકાર હેડે દાવાવાળી જમીન દાખલ થયેલી. સવાલ:- દાવાવાળી જમીનમાં તમોએ ગેરકાયદેસર રીતે ઓરડી બનાવેલી હતી? જવાબ:- અમારી ઓરડી આવેલી હતી પરંતુ તે પછીથી પાડી નાખેલી. એ વાત ખરી છે કે,દાવાવાળી જમીન પચાવી પાડવા બાબતે વન વિભાગે અમારી સામે ગુન્હો દાખલ કરેલો. એ વાતની મને ખબર નથી કે દાવાવાળી જમીન વન વિભાગ દ્વારા ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવી આરક્ષીત જમીન તરીકે જાહેર કરેલ છે. એ વાત ખરી છે કે, વન વિભાગ દ્વારા દાવાવાળી જમીન આરક્ષીત કરવામાં આવેલી તેની સામે મે કોઇ કાર્યવાહી કરેલી નહી. એ વાત ખરી છે કે, વન વિભાગ દ્વારા જે ગુન્હો દાખલ કરવામાં આવેલો તેમાં દંડ પેટેની રકમ ડીપોઝીટ કરાવેલી. એ વાત ખરી છે કે દાવાવાળી જમીનમાં અમે ગેરકાયદેસર રીતે ખેડાણ કરતા હતા. એ વાત ની મને ખબર નથી કે કલેક્ટરશ્રીએ ગૌચરમાંથી સરકાર હેડે જમીન લીધી તે અગાઉ અમોએ કોઇપણ પ્રકારના આવકના કે બીયારણના કે સીંચાઇના કે ખેતમજુરના કોઇ પુરાવા રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, દાવાવાળી જમીન સને ૧૯૫૮ થી રક્ષીત જંગલ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલી છે.

આમ, ઉપરોક્ત વાદી તર્ફે રજુ થયેલ સરતપાસની જુબાની તથા

ઉલટતપાસને ધ્યાને લેવામાં આવે તો વાદીએ તેઓના દાવાની હકીકતના સમર્થનમાં અને ઘડવામાં આવેલ તકરારી મુદ્દાની હકીકત પુરવાર કરવા માટે કોઇ જ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ રાખી પુરવાર કરેલ નથી. વધુમાં વાદી એ પોતે તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, દાવાવાળી જમીન અમે ૧૦૦ વર્ષથી ખેડીએ છીએ તે દર્શાવતો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વધુમાં વાદીએ જણાવેલ છે કે, વાદીએ રજુઆત કરેલ કે જમીન ગૌચર નથી જેથી ૧૯૬૪ માં કલેક્ટરશ્રીએ સદર જમીન ગૌચર હેઠે થી સરકારશ્રી કરેલી તેવી રજુઆત કરેલ છે પરંતુ વાદીએ પોતે તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે, સને ૧૯૬૪માં કલેક્ટરશ્રીના હુકમથી ગૌચરમાંથી પરત લઇ સરકાર હેડે દાવાવાળી જમીન દાખલ થયેલી તે તેઓને ખબર નથી. આમ, સરતપાસ અને ઉલટતપાસને ધ્યાને લેવામાં આવે તો વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં વન વિભાગે વાદીઓ સામે જમીન પચાવી પાડવા બાબતેની કાર્યવાહી કરેલી છે. વાદીએ તેમના દસ્તાવેજી પુરાવામાં આંક– ૩૮ થી ૪૦ રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ છે જે ધ્યાને લેવામાં આવે તો તેમાં ગૌચરણ મુડશી ગ્રામ પમ્ચાયત એમ લખેલ છે જેમાં પણ વાદીઓ સદર જમીન ખેડતા હોય કે કબજામાં હોય તેવી કોઇ હકીકત જનાઇ આવતી નથી. આમ, જ્યારે વાદીએ પોતે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે દાવાવાળી જમીન ખેડતા હોય તેવો કોઇ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ ન હોય ત્યારે વાદીએ જે હકીકતો જણાવી હાલનો દાવો દાખલ કરેલો છે તે મૌખીક કે દસ્તાવેજી દાવાની હકીકતો શ્રેષ્ઠત્તમ પુરાવાથી પુરવાર કરેલ નથી.

આમ, વાદીએ તેમના દાવાની હકીકત મૌખિક કે દસ્તાવેજી પુરાવા વડે પુરવાર કરેલી નથી. પુરાવા અધિનિયમ મુજબ વાદી જે હકીકતો સાથે દાવો લઇને આવ્યા છે તે તમામ હકીકતો શ્રેષ્ઠતમ પુરાવાથી સાબિત કરવી જોઇએ. વાદીએ દાવા અરજીના કથનોને પુરાવાઓથી પુરવાર કરવા પડે જે અન્વયે પ્રસ્થાપિત થયલે કાયદાકીય સિધ્ધાંત અન્વયે પક્ષ નિવદેન પુરાવાનું સ્થાન લઈ શકે નહી તે નામદાર ઉચ્ચ અદાલતના  ૨૦૦૮(૧) જી.સી.ડી. ૩૬૬ એગ્ર.પ્રો.માર્કેટ કમિટી. વિ.ભંડારી ધીરુભાઈના ચુકાદામાં

નીચે મુજબ ઠરાવેલ છે.

"Pleadings made by the party before the Court are required to be proved and substantiated by the party by producing and proving necessary evidence in support of such pleadings. Pleadings cannot take place of evidence. Pleadings are mere contentions raised by the party before the Court. Party is required to prove the same by leading proper evidence before the Court."

વધુમાં વાદીએ દાવો દાખલ કરવા માટે જે દાવાનુ કારણ બતાવેલ છે તે જોતા પ્રતિવાદીઓએ ઓરડી પાડી નાખેલ પરંતુ તે બાબતે કોઇ ફરીયાદ કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી તથા વાદી પોતે જણાવે છે કે, દાવાવાળી જમીનના કબજા બાબતે કોઇ પુરાવો રજુ રાખેલ નથી. આમ, દાવાની હકીકતો વાદીએ પુરવાર કરેલ નથી. ત્યારે વાદીએ તેઓના દાવાની હકીકત પુરવાર કરેલ ન હોય દાવાના કામે વાદીએ માંગેલ દાદ મેળવવા હક્કદાર થતા નથી. જેથી મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.

**(૧૩) મુદ્દા નંબર– ૪ ના કારણો:–**

ઉપરોક્ત મુદ્દાઓ નં. ૧ થી ૩ ના ન્યાય નિર્ણય માટે કરવામાં આવેલી તમામ ચર્ચા ધ્યાને લઇ આ દાવાનો તથા મુદ્દા નં. ૪ માટેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## ::હુકમ::

(૧) વાદીઓનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

RCS No. 34-2024

હુકમ આજરોજ તારીખ–૨૩ મી જુલાઇ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

તા. ૨૩/૦૭/૨૦૨૬
સ્થળ: મેઘરજ

(હેમોરસિંહ મનુભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
મેઘરજ, જી. અરવલ્લી
(જી.જે.૦૧૨૭૬)

ટાઇપ
સેલ્ફ